# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/112 Dt. 27/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ ખાતે વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાનું ધામધુમપૂર્વક આગમન

### ઢોલ નગારાની સાથે જયઘોષ વચ્ચે ગણપતિ બાપ્પાનું વાજતે ગાજતે સ્વાગત કરાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરસાણા ખાતે ચેમ્બરની ઓફિસ ખાતે વિઘ્નહર્તા શ્રી ગણપતિ બાપ્પાની સ્થાપના ધામધુમપૂર્વક કરવામાં આવી હતી. શુભ મુહૂર્તમાં પૂજા વિધી સાથે શ્રીજીનું પાવન આગમન કરવામાં આવ્યું હતું. ઢોલ નગારાની સાથે જયઘોષ વચ્ચે ગણપતિ બાપ્પાનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દર વર્ષે પરંપરાગત રીતે વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાની સ્થાપના કરે છે. ગણેશોત્સવ માત્ર ધાર્મિક જ નહીં પરંતુ સાંસ્કૃતિક એકતાનું પણ પ્રતિક છે.

ગણેશોત્સવના આ પાવન પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર, ગૃપ ચેરમેનો, સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓ હાજર રહયા હતા. સૌએ ભક્તિભાવથી શ્રીજીની આરતી ઉતારી હતી અને પ્રસાદીનો લાભ લીધો હતો. શ્રીજીના આગમનથી સમગ્ર પરિસર ભક્તિ, આનંદ અને ઉમંગથી ગુંજી ઉઠયો હતો.